| Publication: Gujarat Today | Pg No: 9 |
|---|---|
| Edition – Print | Date – 09.10.21 |


ગુજરાત ટુડે

શનિવાર તા.૯-૧૦-૨૦૨૧


## પ્રાંશુ સિંઘાલને સોશિયલ એન્ટર પ્રિન્યોર ઓફ ધ યરનો ૧૨મો એવોર્ડ

અમદાવાદ,તા.૮

વર્લ્ડ ઈકોનોમિક ફોરમની સંલગ્ન પાંખ શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એનટરપ્રિન્યોરશીપ અને જયુબીલન્ટ ભારતીય ગ્રુપે આજે કરો સંભાવના પ્રાંશુ સિંઘાલને સોશિયલ એનટરપ્રિન્યોર ઓફ ધ યર ઈન્ડિયા ૨૦૨૧નો બારમો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કર્યો હતો. આ એવોર્ડ વિશ્વભરના વિવિધ ક્ષેત્રોની વિખ્યાત વ્યકિતઓની હાજરીમાં યોજાયેલી એક વર્ચ્યુઅલ વિધિમાં ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર પ્રો. કે. વિજય રાઘવન દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. રાઘવનએ જણાવ્યું હતું કે શ્વાબ ફાઉન્ડેશન અને જયુબિલેન્ટ ભારતીયા ફાઉન્ડેશનને એક દાયકાથી વધુ સમયથી આ સામાજિક સાહસિકોને ઓળખવાની આ અનોખી પહેલ માટે હું બિરદાવું છું.